# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર

## ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે
## મુખ્ય શિક્ષક સીધી ભરતી વર્ષ:૨૦૨૬ (પ્રથમ પ્રસંગ)

## (જાહેરાત ક્રમાંક ૦૫/૨૦૨૬)

### (અ) ઉમેદવારી નોંધાવવા માટેની સૂચનાઓ

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર દ્વારા તા. ૨૫/૦૫/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે મુખ્ય શિક્ષકની જાહેરાત સંદર્ભે ઉમેદવારો ઓનલાઇન અરજીપત્રક વેબસાઈટ https://dpegujarat.in ઉપર તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ સવારના ૧૨:૦૦ કલાકથી તા. ૧૦/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકશે. સ્વીકાર કેન્દ્ર પર અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૦/૦૬/૨૦૨૬ (૧૭:૦૦ કલાક સુધી) રહેશે.

નામ. વડી અદાલતમાં દાખલ થયેલ WPIL ૪૬/૨૦૨૩ ઉપર તા.૧૩/૦૩/૨૦૨૪, તા.૦૨/૦૮/૨૦૨૪ તથા તા.૦૪/૧૦/૨૦૨૪ ના ઓરલ ઓર્ડર અન્વયે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા.૧૧/૧૧/૨૦૨૪ ના પરિપત્રથી દિવ્યાંગજનો માટે ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનોની ભરતી યોજવા સુચનાઓ પરિપત્રિત કરેલ છે. જે અંતર્ગત શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૯/૦૩/૨૦૨૫ ના પત્રથી દિવ્યાંગ વ્યક્તિઓની ખાસ ભરતી ઝુંબેશ અન્વયે રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષક વર્ગ ૩ સંવર્ગની દિવ્યાંગ ઉમેદવારોથી ભરવાની થતી ૭૧ જગ્યા ભરવા મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ તથા તા.૨૦/૧૧/૨૦૨૪ ના ઠરાવ મુજબ જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૧૮/૦૧/૨૦૨૨ અને તા.૧૪/૧૨/૨૦૨૨ના ઠરાવથી નિયત થયેલ દિવ્યાંગતા ધરાવતાં ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે મુખ્ય શિક્ષક ભરતી વર્ષ ૨૦૨૬ ની સીધી ભરતીથી નિમણૂંક માટે મેરીટના ધોરણે ભલામણ કરવા શિક્ષણ વિભાગના તા.૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામા તેમજ તેમાં વખતો વખતના સુધારા જોગવાઈથી નિયત થયેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત તથા અનુભવની જોગવાઈઓ અને શિક્ષણ વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૨ ના ઠરાવથી નિયત થયેલ અનુભવના પુરાવા ધરાવતાં તેમજ શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭ ના જાહેરનામાના પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઇ અન્વયે પાત્રતા ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન-લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

દિવ્યાંગતાના જૂથ – C માં જરૂરિયાત કરતાં વધારે દિવ્યાંગજનો હાલ કાર્યરત હોઈ તે ઉમેદવારો હાલ ઉમેદવારી કરી શકશે નહી. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૧૧/૨૦૨૪ ના ઠરાવની જોગવાઇ મુજબ આ ભરતીને પ્રથમ ભરતી પ્રસંગ ગણવાનો રહેશે. જો આ ભરતીના અંતે દિવ્યાંગતાના જૂથ – C સિવાયના અન્ય દિવ્યાંગતાના જૂથમાં જગ્યાઓ ખાલી રહેશે તો સદર ઠરાવની જોગવાઇ મુજબ બીજા ભરતી પ્રસંગે ઉમેદવારી કરી શકશે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર

## (૧) શૈક્ષણિક લાયકાત:

- ❖ શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/SH/50/PRE/1115/SI/F/11-K, તા.૨૨/૦૯/૨૦૧૬ તથા ત્યારપછીના વખતો-વખતની સુધારા જોગવાઇઓ અન્વયે મુખ્ય શિક્ષકની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત નીચે મુજબ છે.

❖ મુખ્ય શિક્ષક વર્ગ-૩ (સીધી ભરતી):

(1) શૈક્ષણિક અને તાલીમી લાયકાત

(A) possess a Bachelor's degree in Arts or Science or Commerce obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institutions recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; and

(i) have completed two years certificate course of Primary Teachers Course or Diploma in Elementary Education from any educational institution recognised by the Government; or

(ii) possess one year degree in special education obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act. in India or any other educational institutions recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or by Rehabilitation Council of India or by the Central Government; or

(iii) possess a Bachelor's degree in Education obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956;

or

(B) have passed Higher Secondary Certificate Examination conducted by a Secondary and/or Higher Secondary Education Board or possess an equivalent qualification recognised as such by the Government ; and possess a four years' Bachelor's degree in Elementary Education or a four years' Bachelor's degree in ·Education obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other. educational institution recognised as such or declared to be deemed as a university under section 3 of the University Grants Commission Act, 1956;

and

(2) અનુભવ અને અન્ય લાયકાત તથા અન્ય વિગતો

(i) have passed the Head Teacher Aptitute Test (HTAT) as may be prescribed by the Government; and

(ii) have about five years' separate or combined experience of teaching as a Teacher or VidhyaSahayak, Shikshan Sahayak, Adhyapak Sahayak, Junior

Lecturer, Senior Lecturer in Government or Grant-in-Aid or Non-Grant-in-Aid Private Lower Primary School or Upper Primary School or Secondary Education School or Higher Secondary Education School or Primary Education Adhyapan Mandir or District Institute of Education and Training (DIET); and

(iii) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;and

(iv) possess adequate knowledge of Gujarati or Hindi or both.

(v) The candidate appointed by direct selection shall be on probation for a period of one year.

(vi) The candidate appointed by direct selection shall, during his probation period, require to pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

(vii) The candidate appointed by direct selection shall require to pass an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

(viii) The candidate appointed either by direct selection or by promotion shall require to undergo such training and to pass such examination as may be prescribed by the Government.

(ix) The candidate appointed by direct selection shall require to furnish a security and surety bond in such form, for such amount and for such period, as may be prescribed by the Government.

(3) ગુણાંકન પધ્ધતિ:

શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭ ના જાહેરનામાના Appendix-A ના (3) For The Post of Head Teacher માં દર્શાવ્યા મુજબ ગુણાંકન/ ગણતરી કરી મેરીટ ગણતરી કરવામાં આવશે અને તેના આધારે મેરીટયાદી તૈયાર કરવામાં આવશે.

(૨) પગાર ધોરણ:

- મુખ્ય શિક્ષક વર્ગ-3 (પ્રાથમિક શાળા માટે) શિક્ષણ વિભાગના તા.૨૧/03/૨૦૧૨ ના સુધારા ઠરાવ તથા ત્યાર પછીની વખતો-વખતની જોગવાઈઓ અનુસાર પગાર મળવાપાત્ર રહેશે. અથવા સરકાર વખતો વખત નક્કી કરે તે મુજબ પગાર મળવાપાત્ર રહેશે.

(3) વયમર્યાદા:

- શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/SH/50/PRE/1115/SI/F/11-K, તા.૨૨/૦૯/૨૦૧૬ ના Rule 4, in clause (a) તથા ત્યારપછીના વખતો-વખતની સુધારા જોગવાઈઓ અનુસાર મુખ્ય શિક્ષકની નોકરી માટે વયમર્યાદા રહેશે.

(૪) વયમર્યાદામાં છુટછાટ:

- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત અને આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ના ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયામર્યાદામાં ૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.

- મહિલા ઉમેદવારોને ઉપલી વયામર્યાદામાં ૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયામર્યાદામાં ૧૦ (દસ) વર્ષની વધારાની છુટછાટ મળશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ ઓછામાં ઓછા ૬ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખપત્ર/પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત 3 (ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- ગુજરાત સિવિલ સર્વિસ ક્લાસીફિકેશન એન્ડ રીક્રુટમેન્ટ (જનરલ) રૂલ્સ ૧૯૬૭ મુજબ તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદા નિયમ અનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઇપણ સંજોગેમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.
- સરકારી કર્મચારીઓના સંદર્ભે ગુજરાત સિવિલ સર્વિસ ક્લાસિફિકેશન એન્ડ રીક્રુટમેન્ટ(જનરલ) રૂલ્સ ૧૯૬૭ ના નિયમ ૮ (૫) ની જોગવાઇઓ મુજબ ઠરાવેલ ઉપલી વયમર્યાદાઓ લાગુ પડશે નહી.

(૫) **ઉમેદવારોએ અરજીપત્ર ભરતી વખતે ધ્યાનમાં લેવાની સામાન્ય સુચનાઓ**

(૧) ઉમેદવારોએ નીચે આપેલા સુચનોનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ઉમેદવારી પત્ર ભરવું.

(૨) સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. માન્ય યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઇશે.

(૩) ઉમેદવારે પી.ટી.સી./D.El.Ed/બી.એડ./ચાર વર્ષીય B.El.Ed. ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઇએ.

(૪) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા D.El.Ed.ની લાયકાતવાળા ઉમેદવારોએ પ્રાપ્ત ગુણ તરીકે 'marks for merit' ગણતરીમાં લેવાના રહેશે. એટલે કે ૫૦૦+૧૦૦=૬૦૦ માંથી મેળવેલ ગુણ ગણવાના રહેશે.

(૫) બે વર્ષીય D.Ed (સ્પેશીયલ એજ્યુકેશન) અને B.Ed (સ્પેશીયલ એજ્યુકેશન) Rehabilitation Council of India (RCI) માન્ય સંસ્થામાંથી પાસ કરેલ હોવી જોઇશે. અને અભ્યાસના વર્ષો દરમિયાન તેની માન્યતા ચાલુ રહેલ હોવી જોઈશે.

(૬) મેરીટમાં આવતાં ઉમેદવારોના કોલ લેટર https://dpegujarat.in પરથી ઓનલાઇન જ મેળવવાના રહેશે. એસ.એમ.એસ., ઈ-મેઈલ, ટપાલ કે અન્ય કોઇ રીતે કોલલેટર મોકલવામાં આવશે નહીં. તેમજ ઉમેદવારે કોલ-લેટરમાં દર્શાવેલ તારીખે જ જિલ્લા/નગર પસંદગી આપવામાં આવશે. પરંતુ કોઈ પણ કારણસર નિયત સમય કરતાં મોડા આવનાર ઉમેદવારને જે દિવસે જિલ્લા પસંદગી માટે બોલાવેલ હોય તે દિવસે જિલ્લા પસંદગીની પ્રક્રીયા ચાલુ હશે તો તે સમયે જે જગ્યા ખાલી હશે તે જગ્યાઓમાંથી જિલ્લા પસંદગીની તક આપવામાં આવશે. કોલ લેટરમાં દર્શાવેલ સમયે ઉપસ્થિત નહી રહેનાર ઉમેદવારને કોઇપણ સંજોગોમાં ત્યારપછીના દિવસે જિલ્લા પસંદગીની તક આપવામાં આવશે નહી.

(૭) ઓનલાઈન જિલ્લા પસંદગીની કાર્યવાહી દરમિયાન અસલ પ્રમાણપત્રો/ગુણપત્રોની ચકાસણી વખતે સબંધિત ઉમેદવારના મેરીટમાં સુધારો/વધારો થાય તો તેવા ઉમેદવારને સુધારેલ મેરીટ મુજબ તેમના સુધારેલ મેરીટ ક્રમે ઓનલાઈન જિલ્લા પસંદગી કરવાની રહેશે.

(૮) અરજી ફોર્મ સાથે શૈક્ષણિક અને તાલીમી લાયકાતના તમામ વર્ષ/સેમેસ્ટરના ગુણપત્રકો, ડીગ્રી પ્રમાણપત્ર, ટ્રાયલ સર્ટીની એક-એક પ્રમાણિત નકલ તથા અન્ય જરૂરી પ્રમાણપત્રોની એક-એક પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.વધુમાં, સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જેની પ્રમાણિત નકલો અરજી સાથે રજૂ કરી છે તેના અસલ પ્રમાણપત્રો ખરાઇ કરવા માટે ફરજિયાતપણે રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહી.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર

(૯) જે પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોના ગુણપત્રકની પ્રમાણિત નકલો અવશ્ય સામેલ રાખવાની રહેશે.

(૧૦) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક નબળા વર્ગના ઉમેદવારોએ અનામતનો લાભ મેળવવા માટે ગુજરાત સરકારના અધિકૃત અધિકારીએ ઇસ્યુ કરેલ જાતિ પ્રમાણપત્ર માન્ય ગણાશે. આવા ઉમેદવારોને સબંધિત અનામત કક્ષાની જગ્યાઓ માટે ઠરાવની જોગવાઇ મુજબ ગુણ અને ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૧૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અવશ્ય સામેલ રાખવાની રહેશે અને The Gujarat Schedule Castes, Schedule Tribes & Other Backward Class (Regulation of Issuance & verification of caste Certificates Act-2018 ની કલમ ૬ (3) મુજબ રાજ્ય સરકારના વિવિધ સંવર્ગોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગમાં નિમણૂંક માટે પસંદ થયેલ તમામ ઉમેદવારોને નિમણૂંક આપતાં પહેલાં જાતિના પ્રમાણપત્રોની સબંધિત વિશ્લેષણ સમિતિ મારફત ચકાસણી કરાવવાની થાય છે તે મુજબ સબંધિત નિમણૂંક સત્તાધિકારી દ્વારા ચકાસ્ણી કરાવ્યા બાદ જાતિ માન્ય ઠરે તો જ નિમણૂંક આપવામાં આવશે જે ઉમેદવારના જાતિ પ્રમાણપત્ર અમાન્ય/ખોટા ઠરશે તેમનો જિલ્લા/નગર પસંદગી હુકમ આપોઆપ રદ થશે અને ઉમેદવારી રદ કરવામાં આવશે. આ અંગેની જરૂરી બાંહેધરી ઉમેદવારે જિલ્લા પસંદગી પહેલાં આપવાની રહેશે.

**(૧૨) પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક થવા માટેનો શિક્ષણ વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૨ ના ઠરાવથી નિયત થયેલ અનુભવ માન્ય ગણવામાં આવશે.**

a. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-3/ક, તા.૧૬/૦૫/૨૦૧૨ ની જોગવાઇ મુજબ જો ફકરા (૨) ના ક્રમ (ક) મુજબના અનુભવ અંગે શાળા/સંસ્થા પગાર ચેકથી ચુકવતી હોય અને બેન્કમાં જમા કરાવવામાં આવતો હોય તો સદર ઠરાવના ફકરા (3) થી નિયત થયેલ સક્ષમ અધિકારીનું ઠરાવના પરિશિષ્ટ-૧ મુજબનું પ્રમાણપત્ર અને ઉમેદવારે ઠરાવના પરિશિષ્ટ-૨ મુજબનું સોગંદનામું રજૂ કરવાનું રહેશે.

b. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-3/ક, તા.૧૬/૦૫/૨૦૧૨ ની જોગવાઇ મુજબ જો ફકરા (૨) ના ક્રમ (ખ), (ગ) અને (ઘ) મુજબના અનુભવ અંગે સદર ઠરાવના ફકરા (3) થી નિયત થયેલ સક્ષમ અધિકારીનું ઠરાવના પરિશિષ્ટ-3 મુજબનું પ્રમાણપત્ર અને ઉમેદવારે ઠરાવના પરિશિષ્ટ-૪ મુજબનું સોગંદનામું રજૂ કરવાનું રહેશે.

c. અરજદારનો કુલ અનુભવ જો એક કરતાં વધારે શાળા/સંસ્થાઓનો હોય તો ક્રમ (a) અને (b)માંથી જે લાગુ પડતા હોય તે પરિશિષ્ટ દરેક શાળા/સંસ્થાનું અલગ રજૂ કરવાનું રહેશે.

d. અનુભવ માટે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક; પીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-3/ક, તા.૧૬/૦૫/૨૦૧૨ ની જોગવાઇ (૨) ક,ખ,ગ અને ઘ માં દર્શાવેલ પુરવાઓ પૈકી રજુ કરેલ પુરાવા સક્ષમ અધિકારીના સહી-સિક્કાવાળા પ્રામાણિત પુરાવા જ ધ્યાને લેવાશે.

e. પરિશિષ્ટમાં દર્શાવેલ અનુભવના તમામ પુરાવાઓ અરજીપત્રક સાથે રજૂ કરવાના રહેશે. ત્યારબાદ કોઇ પુરાવા સામેલ કરી શકાશે નહી. અધુરી વિગતો ધરાવતા અરજીપત્રકો અમાન્ય ગણાશે.

**(૧૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગે (નોન ક્રિમિલીયર સર્ટી)**

a. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું (નોન ક્રિમિલીયર સર્ટી) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ મુજબ નિયત થયેલ પરિશિષ્ટ ક/પરિશિષ્ટ ૪ ના નમૂનામાં રજૂ કરવાનું રહેશે.

b. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય ગણાશે નહિ

c. તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ મુજબ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્રની મહત્તમ અવધિ પ્રમાણપત્ર ઇસ્યુ થયાના નાણાંકીય વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષ સુધી રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઇએ.

d. ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર જે ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવેલ હશે તે જ પ્રમાણપત્ર ઉમેદવારના પ્રમાણપાત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહી. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમય માર્યાદાનું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો બિન અનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વય મર્યાદા તથા બિન અનામત તરીકેની અન્ય પાત્રતા ધરાવતાં નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

**(૧૪) આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર (E.W.S.)**

a. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવમાં દર્શાવ્યા મુજબ પરિશિષ્ટ –ગ ના નમૂનામાં સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇસ્યુ થયેલ હોવું જોઇએ.

b. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ મુજબ પ્રમાણપત્રની અવધિ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધીની છે. આ મુજબ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે (કટ-ઓફ-ડેટ) પ્રમાણપત્રની અવધિ જળવાતી હોવી જોઇએ.

c. પાત્રતા પ્રમાણપત્ર જે ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવેલ હશે તે જ પ્રમાણપત્ર ઉમેદવારના પ્રમાણપાત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહી. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમય માર્યાદાનું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો બિન અનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વય મર્યાદા તથા બિન અનામત તરીકેની અન્ય પાત્રતા ધરાવતાં નહી હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

**(૧૫) દિવ્યાંગતા પ્રમાણપત્ર**

(i). દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર- દિવ્યાંગતા ધરાવતાં ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રમાં દર્શાવ્યા મુજબ 'પરિશિષ્ટ-અ' ના નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્ર મુજબ દિવ્યાંગતા પ્રમાણપત્ર સબંધે ભારત સરકારની વખતો-વખતની સુચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર/ સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સુચના અનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

(ii). સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવના ફકરા (૪) "દિવ્યાંગતાનું પ્રમાણપત્ર" માં થયેલ જોગવાઈ મુજબ દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા માંગતી દિવ્યાંગ વ્યક્તિએ સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર પસંદગી સમયે સક્ષમ સત્તાધિકારી દ્વારા નક્કી કરવામાં આવે તે પ્રમણે ખરાઈ/પુન: ખરાઈને આધિન રહેશે.

(iii). શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૨/સિ.ફા.-૫/ક/(પાર્ટ-૧), તા.૧૮/૦૧/૨૦૨૨ તથા શિક્ષણ વિભાગના તા.૧૪/૧૨/૨૦૨૨ ના સુધારા ઠરાવ અન્વયે Category of Disability

- (A). Blind-(B), low vision (LV) (૪૦-૭૦% )
- (B). Hard Of Hearing (HH) (૪૦-૭૦% )
- (C). Locomotor disability :- OA – One Arm, OL – One leg, BL – Both legs*, OAL – One Arm and One Leg, LC- Leprosy Cured, CP- Cerebral palsy, Dw- Dwarfism, AAV- Acid attack victim, SD- Spinal Deformity, SI- Spinal Injury
- (D&E) MI- Mental illness(૪૦-૭૦% ), MD- Multiple Disabilities(૪૦-૭૦%)

આમ ઉપરોક્ત (A) થી (D&E) પ્રકારની દિવ્યાંગતાની ખામી ધરાવતા ઉમેદવારોને મુખ્ય શિક્ષકની ફરજોને અનુરૂપ ગણેલ છે. જે પૈકી સદર ભરતીમાં દિવ્યાંગતા જૂથ (A), (B) અને (D&E)ના ઉમેદવારો ઉમેદવારી કરી શકશે.

(iv). ઉપર જણાવેલ દિવ્યાંગતાની ખામી ધરાવતાં ઉમેદવારોનું પ્રમાણપત્ર શંકાસ્પદ જણાશે તેવા સંજોગોમાં સંબંધિત જિલ્લામાં પ્રમાણપત્રની ખરાઈ તેમજ દિવ્યાંગતાની પુન: ચકાસણી કરાવવામાં આવશે અને રજૂ કરેલ પ્રમાણપત્ર ખોટું જણાશે તો જિલ્લા પસંદગી હુકમ તથા નિમણૂંક હુકમ આપોઆપ રદ થશે તેવી બાંહેધરી જિલ્લા પસંદગી પહેલાં આપવાની રહેશે.

(v). *(૧) Both Legs (BL) માટે : સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા..૦૯/૦૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ નય ઠરાવ ક્રમાંક: SJED/DIA/efile/17/2023/ 1761/CHH-1 ને ધ્યાને લઈ ભરતીની પ્રક્રિયા/નિમણૂંક કરવામાં આવશે.

**(૧૬) માજી સૈનિક માટે:**

a. ઉમેદવારે ઓછામાં ઓછી ૬ માસની નોકરી આર્મ ફોર્સીસમાં કરેલ હોવી જોઇએ અને તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જોઇએ.

b. માજી સૈનિક માટે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરવાની રહેશે

c. માજી સૈનિક તરીકેનું ઓળખપત્ર

**(૧૭)** ઉમેદવારે જે સંસ્થામાંથી પી.ટી.સી.ની તાલીમ મેળવી હોય તે સંસ્થાને N.C.T.E./R.C.I ની માન્યતા મળેલ છે તે મતલબનું પ્રમાણપત્ર ( માન્યતા નંબર, તારીખ સહિત) ઉમેદવારે સંબંધિત સંસ્થા પાસેથી મેળવીને રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર રજૂ નહી કરનાર ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

**(૧૮)** જે ઉમેદવારોએ બી.એડ. અને પીટીસી/D.El.Ed. એમ બંને તાલીમી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવાર જો HTATની પરીક્ષા સમયે નિયત શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતાં હોય અને પાછળથી વધારાની તાલીમી લાયકાત મેળવેલ હોય તો ઉમેદવાર જે તાલીમી લાયકાત અરજીપત્રકમાં દર્શાવવા ઇચ્છે તે દર્શાવી શકશે. ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ પછી તાલીમી લાયકાતમાં ફેરફાર કરી શકશે નહીં.

**(૧૯)** બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી રૂપિયા ૨૦૦/- (અંકે રૂપિયા બસ્સો પુરા) રહેશે તથા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ અને આર્થિક નબળા વર્ગ તથા શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે અરજી ફી રૂપિયા ૧૦૦ રહેશે જે ઉમેદવારે અરજીપત્ર સબમીટ કરાવતાં સ્વીકાર કેન્દ્ર પર રોકડેથી ભરવાના રહેશે. બિન અનામત/અનામત વર્ગના ફી ભર્યા સિવાયના અરજીપત્ર રદ થયેલ ગણાશે. ઓનલાઈન ફોર્મ ભરી અને જિલ્લા કક્ષાએ સ્વીકાર કેન્દ્ર પર જમા કરાવ્યા સિવાયના ઓનલાઈન ભરેલ અરજીપત્રો ધ્યાને લેવામાં આવશે નહી અને આગળની પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવશે નહી તેથી ઓનલાઈન ભરેલ અરજીપત્રો ફરજિયાત નક્કી કરેલ સ્વીકાર કેન્દ્રો પર પ્રમાણપત્રો/ગુણપત્રોની ચકાસણી કરાવીને જમા કરાવવાના રહેશે.

**(૨૦) અરજીપત્રમાં ગુણ દર્શાવવા બાબત.**

એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરનાર ઉમેદવારના કિસ્સામાં શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭ના જાહેરનામાના ક્રમાંકઃ જીએચ/એસએચ/૦૨/પીઆરઇ/૧૧-૨૦૧૬/ એસએફ-૮/કે ના ૮ (૨) મુજબ

a. યુજીસી માન્ય યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી ડીગ્રીઓના ગુણપત્રકમાં જે કુલ ગુણ (ગ્રાન્ટ ટોટલ) દર્શાવેલ હોય તેમાંથી મેળવેલ ગુણ (ઓબટેઈન માર્કસ) ને ધ્યાનમાં રાખીને આવેલ ટકાને ગ્રાહ્ય રાખવામાં આવશે.

b. ઉમેદવારે છેલ્લે આપેલ પરીક્ષા એટલે કે જે તે લાયકાતના અંતિમ સેમેસ્ટર/અંતિમ વર્ષમાં નાપાસ/ગેરહાજર હોય તો જ ટ્રાયલ ગણવાપાત્ર થાય. જો લાયકાતના અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ/ગેરહાજર ન હોય તો ટ્રાયલ ગણવો નહી. સદર બાબતે યુનિવર્સિટીમાંથી મેળવેલ ટ્રાયલ સર્ટિફિકેટમા દર્શાવેલ ટ્રાયલની વિગત જુદી પડવાની શક્યતાઓ રહેલ છે પરંતુ આ અંગે ઉમેદવારે યુનિવર્સિટી પાસેથી સુધારેલ ટ્રાયલ સર્ટિફિકેટ લેવાની જરૂરિયાત રહેતી નથી.

c. જો અંતિમ વર્ષ/સેમિસ્ટરમાં નાપાસ હોય, ગેરહાજર હોય અને ઉમેદવારે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય અને પાસ થયેલ હોય તો ટ્રાયલ ગણવાનો રહેતો નથી.

d. અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ/ગેરહાજર હોય અને ઉમેદવારે કોઇ વિષયની મુક્તિ લઇ અમુક વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય તો ફરીથી જેટલા વિષયની પરીક્ષા આપેલ હોય તેટલા વિષયના કુલ અને મેળવેલ ગુણ ગ્રાન્ડ ટોટલમાં ઉમેરી સરવાળો કરવો અને ગુણ ગણતરી કરવી.

e. કેટલીક યુનિવર્સિટીના કિસ્સામાં ગ્રાન્ડ ટોટલની ગણતરીમાં તમામ વર્ષ/સેમેસ્ટરના કુલ ગુણ/મેળવેલ ગુણ આપેલ હોય અને અંતિમ વર્ષ/સેમેસ્ટર સિવાય (અગાઉના વર્ષ/સેમેસ્ટર) ટ્રાયલ હોય તો ટ્રાયલવાળા વર્ષ/સેમેસ્ટરના નાપાસ ગુણની જગ્યાએ પાસના ગુણ રિપ્લેસ કરી મેળવેલ ગુણ ગણવાના રહેશે.

f. જો કોઇ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરિક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરિક મુલ્યાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મુલ્યાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતા ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયના કુલ ગુણ અને મેળવેલ ગુણ અને પ્રથમ વખતે મેળવેલ આંતરિક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

g. ઉમેદવારે મેળવેલ શૈક્ષણિક અને તાલીમી લાયકાત અંગે તમામ વર્ષ/સેમેસ્ટરના ગુણપત્રક જોડવાના રહેશે.

(૨૧) ઉમેદવારોએ અરજીપત્રમાં તેઓની માર્કશીટમાં દર્શાવેલ કુલ ગુણ અને મેળવેલ ગુણ જ દર્શાવવા. જો માર્કશીટમાં કુલ ગુણ અને મેળવેલ ગુણ આપેલ ન હોય અને ફક્ત CGPA/CPI/GRAD/EQUIVALENT PERCENTAGE આપેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી પાસેથી ગુણપત્ર મેળવીને કુલ ગુણ અને મેળવેલ ગુણ દર્શાવવા. ફોર્મુલાની મદદથી/જાતે કન્વર્ટ કરેલ કુલ ગુણ કે મેળવેલ ગુણની વિગતો માન્ય રહેશે નહી. સ્નાતક અને અનુસ્નાતકમાં યુનિવર્સિટી દ્વારા જે પેટર્નમાં ગ્રાન્ડ ટોટલ દર્શાવેલ હશે તે પેટર્ન મુજબના ગુણ ધ્યાને લેવામાં આવશે. ગુણ અંગે યુનિવર્સિટીમાંથી મેળવેલ પ્રમાણપત્ર અરજીપત્ર સાથે સામેલ કરવાનું રહેશે.

(૨૨) જો F.Y./S.Y. અન્ય યુનિવર્સિટીમાંથી કરેલ હોય અને T.Y. ની માર્કશીટમાં T.Y જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તે યુનિવર્સિટીની પેટર્નમાં F.Y/S.Y ગ્રાન્ડ ટોટલમાં ગણેલ હોય તો યુનિવર્સિટીની T.Y ની માર્કશીટની પેટર્ન મુજબ F.Y./S.Y ગુણ ઉમેરવાના રહેશે.જો લાયકાતના બધા સેમ્સ્ટર/વર્ષ એક જ યુનિવર્સિટીમાંથી પાસ કરેલ હોય તો તે યુનિવર્સિટીની પેટર્ન મુજબના ગુણ ધ્યાને લેવામાં આવશે.

(૨૩) ડિપ્લોમામાંથી એસ.વાયમાં સીધા પ્રવેશ મેળવનાર ઉમેદવારના કિસ્સામાં પણ ઉપરોક્ત વિગતે યુનિવર્સિટીની પેટર્ન મુજબ F.Y. ના ગુણ અન્વયે ડિપ્લોમાંના અંતિમ બે સેમેસ્ટરના ગુણ ઉમેરવાના રહેશે. યુનિઅર્સિટીની પેટર્નમાં T.Y. ની માર્કશીટમાં F.Y ના ગુણ ગણતરીમાં ન લેવાતાં હોય તો આવાં ગુણ ઉમેરવાના રહેશે

**(૨૪) એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી કોલેજો**

a. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૮/આર-૨૩/ખ-૧, તા.૨૬/૧૧/૨૦૧૯ ના ઠરાવ અનુસાર શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૨ બાદ ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હોય તેવી તમામ સંસ્થાઓ જે તેના કાર્યક્ષેત્ર હેઠળની ગુજરાતની સરકારી યુનિવર્સિટીમાં જોડાણ મેળવી લીધેલ હોય તેવી સંસ્થાઓના રાજ્ય સરકારની યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવાના સમયગાળા પહેલાની એસ.એન.ડી.ટી. વુમેન્સ યુનિવર્સિટી, મુંબઇ સંલગ્ન ડીગ્રીને માન્ય ગણવાનું ઠરાવેલ છે.

b. ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી અને વર્ષ ૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઇ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેના આધાર રજૂ કરવાના રહેશે.

**(૨૫) રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી રેગ્યુલર અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાત માટે ઉમેદવારે નીચે દર્શાવેલ આધારો પૈકી રેગ્યુલર અભ્યાસ કર્યો છે તેની ખાત્રી કરાવે તેવા જરૂરી આધારો રજૂ કરવાના રહેશે.**

a. અન્ય રાજ્યની કોલેજમાં પ્રવેશ માટે ભરેલ ફીની પાવતી અને કોલેજ/યુનિવર્સીટીનું બોનાફાઇડ પ્રમાણપત્ર.

b. અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.

c. પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકટ (સંબંધિત વર્ગ નિરીક્ષકની સહી સાથે)

d. માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમિત અભ્યાસક્રમ) દ્વારા મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર

e. અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઇગ્રેશન સર્ટી)ની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.

f. અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સીટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર

g. અભ્યાસ કરેલ કોલેજે જે યુનિવર્સિટીમાંથી માન્યતા/જોડાણ મેળવેલ હોય તો તેની નકલ અને યુ.જી.સી.ની માન્યતાની નકલ.

h. યુનિવર્સિટી/કોલેજમાંથી રેગ્યુલર અભ્યાસ કર્યા અંગેનો અન્ય કોઇ પુરાવો હોય તો તે

(૨૬) પ્રોવિઝનલ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ ઉમેદવારો અરજીમાં દર્શાવેલ વિગતો અને ગુણ સંબંધિત ક્ષતિ હોય તો ઓનલાઈન ક્ષતિ સુધારણા પત્રક મેળવી તેમાં સુધારા કરી શકશે. મૂળ અરજીમાં દર્શાવ્યા સિવાયની નવિન કોઈ વિગત/માહિતી/લાયકાત ઉમેરી શકાશે નહીં.

(૨૭) અરજીપત્રની હાર્ડકોપી (પ્રિન્ટ કરેલ) સ્વીકાર કેન્દ્ર ઉપર જમા કરાવતાં પહેલાં અરજીપત્ર, અનુસૂચિ-૧ (ચેકલિસ્ટ), ફી ભર્યાની પાવતી પહેલા, બીજા અને ત્રીજા ક્રમે અને ત્યાર બાદ સ્કેન કરેલ તમામ આધારો /પ્રમાણપત્રોને ૧ થી આગળ ક્રમમાં નંબર આપી ક્રમમાં જોડવાના રહેશે. આધારો/પ્રમાણપત્રો ઉપર આપેલ પાના નંબર ચેકલિસ્ટમાં સંબંધિત કોલમમાં દર્શાવવાના રહેશે.

(૨૮) ઉમેદવાર એક વખત સબમીટ કરાવેલ અરજીપત્રમાં એડીટ કરીને સુધારો કરે તો તેણે સુધારા કરેલ અરજીપત્રની હાર્ડ કોપી રજૂ કરવાની રહેશે જો આવી કોપી રજૂ કરેલ નહીં હોય તો આવા અરજીપત્ર રદ ગણાશે.

## (7) ઉમેદવારો માટે અગત્યની સુચનાઓ

(1) ઉમેદવારે ખોટી માહિતી રજૂ કરેલ હશે તો ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

(2) મુખ્ય શિક્ષક ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો-વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ મુખ્ય શિક્ષક ભરતી અંગેની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સતત વેબસાઇટ જોતા રહેવું.

(3) અરજી પત્રકમાં તમારો મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને તે નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો જરૂરી છે.

(4) ઉમેદવારે તેમના અરજી પત્રકમાં તેમનું ઇ-મેઇલ એડ્રેસ દર્શાવવાનું રહેશે જેથી અનિવાર્ય સંજોગોમાં જરૂર પડ્યે ઉમેદવારને માહિતી/સુચના મોકલી શકાય. ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ઇ-મેઇલ જોતા રહેવું.

(5) મુખ્ય ભરતી અંગેના અરજીપત્રમાં દર્શાવેલ વિગતો/પ્રમાણપત્રો/ગુણપત્રો/અન્ય આધારોની ચકાસણી જુદા જુદા ત્રણ તબક્કે એટલે કે (૧) જિલ્લા સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે (૨) ઉમેદવાર ગુ.રા.પ્રા.શિ.પ. સમિતિ કક્ષાએ જિલ્લા પસંદગી માટે હાજર રહે ત્યારે અને (૩) જિલ્લા પસંદગી બાદ જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિ ખાતે શાળા પસંદગી કેમ્પ વખતે કરવામાં આવે છે. આ ત્રણ પૈકી કોઈ પણ તબક્કે ઉમેદવારે અરજીપત્રમાં દર્શાવેલ વિગતો/પ્રમાણપત્રો/ગુણપત્રો/અન્ય આધારો ખોટા/બનાવટી/અમાન્ય કે ભરતી નિયમો સાથે સુસંગત ન હોય તેવા રજૂ કરેલ હશે તો કોઈ પણ તબક્કે ઉમેદવારી/જિલ્લા પસંદગી પત્ર/નિમણૂંક હુક્મ રદ કરવામાં આવશે. / નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(6) ઉમેદવાર પોતે આખરી પસંદગીમાં સમાવિષ્ટ થવા માત્રથી કે જિલ્લા પસંદગી પત્ર મળેથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર રહેશે નહી. ઉમેદવાર ભરતી અંગેના તમામ માપદંડ અને ધારાધોરણો પરિપૂર્ણ કરતાં હોવા જોઈશે.

(7) મુખ્ય શિક્ષક ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતો ને આધિન રહેશે.

(8) મુખ્ય શિક્ષક ભરતીની પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા જણાશે તો તેમ કરવાનો

સંપૂર્ણ હક્ક/ અધિકાર ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ/પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને રહેશે.

(9) શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તથા અન્ય પ્રમાણપત્રો માટે ઓનલાઈન અરજીપત્ર ભરવાની છેલ્લી તારીખ તા.૧૦/૦૬/૨૦૨૬ (CUT-OFF DATE) રહેશે. આ CUT –OFF DATE બાદ મેળવેલ કોઇપણ પ્રમાણપત્રો-ગુણપત્રકો અથવા શૈક્ષણિક કે તાલીમી લાયકાત ધ્યાને લેવામાં આવશે નહી.

(10) જાહેરાતમાં આપેલ સુચનાઓ/માર્ગદર્શન/મુદ્દાના કોઈ પણ વિવાદ અંગે ઠરાવની મૂળ જોગવાઇ મુજબનું અર્થઘટન માન્ય ગણાશે.

(11) ઉમેદવારે ફી ભરી જિલ્લા સ્વીકાર કેન્દ્રમાં જમા કરાવેલ અરજીપત્રની ઝેરોક્ષ નકલ અને ફી ભર્યાની પાવતી પોતાની પાસે સાચવી રાખવાની રહેશે.

(12) ભરેલ ફી કોઇપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહિ.

(13) પ્રોવિઝનલ/ફાઇનલ મેરીટ પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારે ઉમેદવારે પોતાનું મેરીટ જોઇ તેની એક પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(14) ભરતી સંદર્ભે અથવા મેરીટ સંદર્ભે કોઇ પણ રજૂઆત કરવાની થાય ત્યારે રજૂઆત સાથે અરજીપત્રની નકલ, ફી ભર્યાની પાવતીની નકલ તથા ઉમેદવારનો મેરીટ નંબર અને મેરીટની નકલ અવશ્ય સામેલ કરવાની રહેશે.

(15) ભરતી સબંધિત જરૂરી ઠરાવો, માહિતી અને સુચનાઓ વેબસાઇટ ઉપર જોવા મળશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ ઠરાવો અને નિયમોનો પુરેપુરો અભ્યાસ કરી ઉમેદવારી પત્રક ભરવાનું રહેશે.જે અંગે પાછળથી કોઇ રજૂઆતને ધ્યાને લેવામાં આવશે નહિ.

## (બ) અરજી પત્રક ઓન-લાઇન ભરવા માટેની સુચનાઓ:

૧. મુખ્ય શિક્ષક ભરતી અંગેનું ઓન-લાઇન અરજી પત્રક વેબસાઇટ https://dpegujarat.in ઉપરથી તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ સવારના ૧૨:૦૦ કલાકથી તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.

૨. અરજીપત્રક ભરતા પહેલા વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવારો માટેની સુચનાઓ (અ) અને (બ), સરકારશ્રીના ભરતી સબંધિત ઠરાવો અને પરિપત્રો તથા પત્રકોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો.

૩. ઉમેદવારોએ સૌથી પહેલાં રજિસ્ટ્રેશન લિન્ક ઉપરથી પોતાની વિગતો ભરી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યાર બાદ લોગિન થયેથી અરજીપત્રક ખુલશે.

૪. ઓનલાઈન અરજીપત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશ: ભરી અરજીપત્રક Save કરવાનું રહેશે. ઓનલાઈન Save કર્યા બાદ અરજીપત્રક સાથે જરૂરી લાગુ પડતાં તમામ આધાર/પુરાવાઓ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ત્યાર બાદ અરજીપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

૫. ઓન-લાઇન ભરેલું ફ્રોર્મ પોર્ટલ ઉપર SAVE કરતાં પહેલાં તે માહિતી ઓન-લાઇન ચકાસી લેવી અને ભરેલા ફ્રોર્મમાં કોઇપણ ફેરફાર કરવો હોય તો તે કરી લેવો. એકવાર સ્વીકાર કેન્દ્ર કક્ષાએ અરજીપત્ર Final Submit થયા બાદ તેમાં સુધારો કરી શકાશે નહીં.

૬. ઓનલાઈન સબમીટ કરેલ લાયકાતના ગુણપત્રકો અને પ્રમાણપત્રો તથા આનુષાંગિક આધાર-પુરાવા સાથે અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્રો ઉપર તા.૦૧/૦૬/૨૦૨૬ થી તા.૧૦/૦૬/૨૦૨૬ (રવિવાર અને જાહેર રજા સિવાય) સુધી રૂબરૂમાં સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.

૭. પ્રિન્ટ કરેલા ફ્રોર્મમાં કોઇપણ જાતના સુધારા-વધારા કે છેકછાક કરેલા ફ્રોર્મનો સ્વીકાર કરાશે નહિ. આમ છતાં જિલ્લા કક્ષાએ Final Submit થયા બાદ પણ જો કોઇ સુધારો કરવાની જરૂર જણાય તો કામ-ચલાઉ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ ક્ષતિ સુધારણામાં ઓનલાઈન ક્ષતિ સુધારણા ફ્રોર્મ મેળવી સુધારો કરી શકાશે. પરંતુ નવિન વિગત/માહિતી/લાયકાત ઉમેરી શકાશે નહીં.

૮. સ્વીકાર કેન્દ્રની યાદી વેબસાઇટ https://dpegujarat.in ઉપર મુકવામાં આવેલ છે.

૯. અરજીપત્રની હાર્ડકોપી રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરૂરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરૂરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજી પત્રક Final Submit કરાવવું. જિલ્લા સ્વીકાર કેન્દ્ર પર Final Submit થયા સિવાયનું કોઇપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

૧૦. અરજી પત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ સ્વીકારનારની સહીવાળી પહોંચ મેળવી સાચવવી,અને પસંદગી સમયે અચુક સાથે લાવવી

૧૧. સ્વીકાર કેન્દ્ર અથવા ભરતી કાર્યાલયની કચેરીએ ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. આવી રીતે રજૂ થયેલ અરજીપત્રો રદ ગણાશે.

## (ક) બાંહેધરી

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે મુખ્ય શિક્ષક વર્ગ–૩ ભરતી, વર્ષ–2026 ની જાહેરાત ક્રમાંક – ૦૫/૨૦૨૬ અન્વયેના ભરતી નિયમો, લાયકાત, અનુભવ અને ગુણાંકન સંબંધી જોગવાઈઓ, ભરતી સંબંધિત અન્ય જોગવાઈઓ અને સદર જાહેરાત સંદર્ભેની વિગતવાર જાહેરાત સંબંધિત ઉમેદવારે વાંચી છે – સમજી છે અને તે તેને બંધનકર્તા રહેશે તેવી બાંહેધરી આપવાની રહેશે.

તા.૨૫/૦૫/૨૦૨૬

સ્થળ:-ગાંધીનગર

જાહેરાત ક્રમાંક. ૦૫/૨૦૨૬

પી. કે. ત્રિવેદી

અધ્યક્ષ

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને

પ્રાથમિક શિક્ષણ નિયામક,

ગુજરાત રાજ્ય ગાંધીનગર.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર